Australian Government

COVID-19 VACCINATION

# COVID-19 રસી AstraZeneca વિષે માહિતી

છેલ્લો સુધારો: 30 જુલાઇ ૨૦૨૧

## રસી વિષે

COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા લોકોને COVID-19થી બીમાર થવાથી અટકાવી શકે છે. આ રસીમાં કોઇ જીવંત સાર્સ-કોવ-૨ વાયરસ નથી અને તે તમને COVID-19 નો ચેપ લગાડી શકતું નથી. તેમાં સ્પાઇક પ્રોટીન તરીકે ઓળખાતો સાર્સ-કોવ-૨ વાયરસના મહ્ત્વના ભાગ માટેનો આનુવંષિક સંકેત (જીનેટીક કોડ) છે. આ સંકેતને સામાન્ય શરદીના બિનહાનિકારક ‘વાહક’ વાયરસ (એડિનોવાયરસ)માં દાખલ કરવામાં આવે છે, જે તેને તમારા કોષોમાં ઉતારે છે. ત્યારબાદ તમારું શરીર સ્પાઇક પ્રોટીનની નકલો બનાવે છે અને તેનો ઉપયોગ સાર્સ-કોવ-૨ વાયરસને ઓળખતા અને તેની સામે લડતાં શીખવા માટે કરે છે. એડિનોવાયરસમાં ફેરફાર કરવામાં આવ્યો છે જેથી, એકવાર તે કોષોની અંદર જાય પછી તેની નકલો બની શકતી નથી. આનો અર્થ કે તે અન્ય કોષોમાં ફેલાય શકતા નથી અને ચેપ લગાડી શકતા નથી.

રસીકરણ સ્વૈચ્છિક અને મફત છે. તમે રસી લો તે પહેલાં COVID-19 રસીકરણ બાબતમાં તમને જો ચિંતાઓ અથવા પ્રશ્નો હોય તો તેની ચર્ચા તમારા રસીકરણ પ્રદાતા અને/અથવા તમારા જીપી સાથે કરી શકો છો.

COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા ૧૮ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોમાં ઉપયોગમાં લઇ શકાય છે અને તે સલામત અને અસરકારક છે. એસ્ટ્રાઝેનેકા રસી પછી નોંધાયેલ એક ખૂબ જ જવલ્લે થતી આડઅસર ‘થ્રોમ્બોસિસ વીથ થ્રોમ્બોસાઇટોપેનિયા સિન્ડ્રોમ’ (ટીટીએસ) છે, જેમાં લોહીના ગંઠાઇ જવા અને લોહીના ત્રાક કણ (પ્લેટલેટ)ના નીચા સ્તરનો સમાવેશ થાય છે. રસીકરણના લાભો આ આડઅસરના જોખમ કરતાં વધુ છે. પુખ્ત વયના યુવાનોમાં ટીટીએસ વધુ જોવા મળે છે. તેથી આ જોખમને ઘટાડવા માટે, ૬૦ વર્ષથી નાની ઉંમરના પુખ્તો અને જેમને ભૂતકાળમાં સેરેબ્રલ વેનસ સાઇનસ થ્રોમ્બોસીસ (મગજમાં થતી લોહીની ગાંઠનો એક પ્રકાર),

હીપેરાઇનથી થતું થ્રોમ્બોસાઇટોપેનિયા (લોહી પાતળનું કરવાની સારવારની જવલ્લે થતી આડઅસરને કારણે ત્રાક કણો – પ્લેટલેટ્સ ઓછા થઇ જવા), ઇડિયોપેથિક સ્પ્લેન્કિનક થ્રોમ્બોસિસ (પેટની નસોમાં લોહીના ગઠ્ઠા) અથવા થ્રોમ્બોસિસ સાથે એન્ટિફોસ્ફોલિપિડ સિન્ડ્રોમ(શરીર પોતાના જ પ્રોટીન પર ભૂલથી હુમલો કરીને લોહીના ગઠ્ઠા કરવા માંડે તેવી સ્થિતિ) થયું હોય તેવા લોકો માટે કોમેર્નેટી (ફાઇઝર) પસંદગીની COVID-19 રસી છે.

## રસીકરણના લાભો

COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા લોકોને COVID-19થી બીમાર થવાથી રક્ષણ આપે છે. તે ખાસ કરીને ગંભીર બીમારી, હોસ્પિટલમાં દાખલ થવું પડે તેવી ગંભીર સ્થિતિ અને મૃત્યુ થતું અટકાવે છે. આ રસી નૈદાનિક પરિક્ષણો (તેના ઉપયોગ માટે નોંધણી કરવામાં આવી હતી તે પહેલાં) અને ઇંગ્લેન્ડ અને સ્કોટલેન્ડમાં ‘વાસ્તવિક સંજોગોમાં’ રસીકરણ થયેલ લોકોના અભ્યાસ એમ બંને રીતે અત્યંત અસરકારક હોવાનું દર્શાવવામાં આવ્યું છે.

COVID-19 એક ખૂબ જ ગંભીર રોગ છે, જે તમામ ઉંમરના લોકોમાં ગંભીર બીમારી પેદા કરી શકે છે. તેના કારણે વિશ્વભરમાં લાખો મૃત્યુ થયા છે અને કરોડો લોકોને ચેપ લાગ્યો છે. રસી લોકોને વ્યક્તિગત રીતે અને COVID-19નો ફેલાવો ઘટાડીને સમુદાયના તમામ લોકોને તેનો ફાયદો કરીને, એમ બંને રીતે સલામતી આપે છે.

## આ રસી કોણ લઇ શકે છે

૧૮ વર્ષ કે તેથી વધુ વયના લોકો COVID-19 એસ્ટ્રાઝેનેકા રસી લઇ શકે છે, ૬૦ વર્ષથી ઓછી ઉંમરના પુખ્ત વયના લોકો માટે કોમેર્નેટી (ફાઇઝર)ને COVID-19 એસ્ટ્રાઝેનેકા કરતાં પસંદ કરવામાં આવે છે. આમ છતાં, જો કોમેર્નેટી (ફાઇઝર) ઉપલબ્ધ ન હોય અને જો વ્યક્તિએ જોખમો અને લાભોની સમજના આધારે જાણકાર નિર્ણય લીધો હોય, તો COVID-19 એસ્ટ્રાઝેનેકાનો ઉપયોગ ૬૦ વર્ષથી ઓછી ઉંમરના પુખ્ત વયના લોકો માટે થઇ શકે છે. રોગચાળો ફાટી નીકળ્યો હોય ત્યારે, જો કોમેર્નેટી (ફાઇઝર) રસી મેળવવામાં અસમર્થ હોય તો, ૬૦ વર્ષથી ઓછી ઉંમરના પુખ્ત વયના લોકોએ COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા લેવાનો ભારપૂર્વક વિચાર કરવો જોઇએ.

## રસીકરણના જોખમો

કોઇપણ રસીની જેમ જ, COVID-19 રસી પ્રાપ્ત કર્યા પછી તમને કેટલીક અસ્થાયી આડઅસરો થઇ શકે છે. COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા લીધા પછીની સામાન્ય આડઅસરોમાં, રસી મૂકી હોય તે ભાગમાં દુખાવો અથવા નરમાશ, થાક, માથું દુખવું, સ્નાયુઓમાં કળતર અને તાવ અને ઠંડી લાગવીનો સમાવેશ થાય છે. મોટાભાગની આડઅસરો હળવી અને હંગામી હોય છે, ૧-૨ દિવસની અંદર દૂર થાય છે. કોઇપણ દવા અથવા રસીની જેમ જ, આની પણ જવલ્લે થતી અને/અથવા અજ્ઞાત આડઅસરો હોઇ શકે છે.

## થ્રોમ્બોસિસ વીથ થ્રોમ્બોસાઇટોપેનિયા સિન્ડ્રોમ (ટીટીએસ)

COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા થ્રોમ્બોસિસ વીથ થ્રોમ્બોસાઇટોપેનિયા (ટીટીએસ) નામની જવલ્લે થતી આડઅસર સાથે સંકળાયેલ હોવાનું જણાય છે.

### ટીટીએસ શું છે?

ટીટીએસમાં લોહી ગંઠાવાનું (થ્રોમ્બોસિસ) અને લોહીના ત્રાક કણો (પ્લેટલેટ)ના નીચા સ્તર (થ્રોમ્બોસાઇટોપેનિયા)નો સમાવેશ થાય છે, અને તે રસીકરણ પછીના લગભગ ૪-૪૨ દિવસમાં થાય છે. લોહીની ગાંઠો શરીરના જુદા જુદા ભાગોમાં થઇ શકે છે, જેમ કે મગજ (જેને સેરેબ્રલ વેનસ સાઇનસ થ્રોમ્બોસિસ અથવા સીવીએસટી કહે છે) અથવા પેટમાં (ઇડિયોપેથિક સ્પ્લેન્કિનક થ્રોમ્બોસિસ).

ટીટીએસ ભાગ્યે જ થાય છે, પરંતુ તે લોકોને અતિશય અસ્વસ્થ બનાવી શકે છે અને લાંબા ગાળાની વિકલાંગતા અથવા મૃત્યુ તરફ દોરી શકે છે.

ટીટીએસનું થવાનું કારણ શું છે તે હજી સંપૂર્ણપણે સમજી શકાતું નથી, પરંતુ તે હીપેરાઇનથી થતા થ્રોમ્બોસાઇટોપેનિયા (અથવા એચઆઇટી), લોહી પાતળું કરવાની સારવારની જવલ્લે થતી પ્રતિકૂળ પ્રતિક્રિયાથી થતા લોહીમાં પ્લેટલેટ્સના નીચા સ્તર જેવું લાગે છે.

### કોઇ એક જૂથને ટીટીએસનું જોખમ વધુ છે?

ઓસ્ટ્રેલિયા અને વિદેશોમાં નોંધાયેલ ટીટીએસનો દર પુખ્ત વયના યુવાનોમાં વધુ છે અને તે સ્ત્રીઓમાં વધુ દેખાય છે. જો કે પુરુષો અને વધુ ઉંમરવાળા લોકોમાં પણ કિસ્સા નોંધાયા છે. સ્ત્રીઓને જોખમ વધુ છે તેવું હજી સ્પષ્ટ થયું નથી.

ઉપલબ્ધ અદ્યતન માહિતીને આધારે, જો કોઇ પહેલેથીજ હોય તેવી તબીબી તકલીફ કે જેને લીધે ટીટીએસ થઇ શકે છે અથવા તે વધી શકતું હોય તેની અમને હજી જાણકારી નથી.

### પહેલાં જેને લોહી ગંઠાવાની તકલીફ થઇ હોય તેવા લોકોમાં એસ્ટ્રાઝેનેકા રસી સુરક્ષિત છે?

જે લોકોને પહેલાં નીચેનામાંથી કોઇ જવલ્લે થતી લોહીની ગાંઠો થઇ હોય તેમને માટે કોમેર્નેટી (ફાઇઝર) રસીની ભલામણ કરવામાં આવે છે: સેરેબ્રલ વેનસ સાઇનસ થ્રોમ્બોસીસ (મગજમાં થતી લોહીની ગાંઠનો એક પ્રકાર), હીપેરાઇનથી થતા થ્રોમ્બોસાઇટોપેનિયા(લોહી પાતળું કરવાની સારવારને કારણે પ્લેટલેટ્સ ઓછા થવા), ઇડિયોપેથિક સ્પ્લેન્કિનક થ્રોમ્બોસિસિ (પેટના વિવિધ ભાગોને લોહી પહોંચાડતી નસોમાં લોહીની ગાંઠો થવી) અથવા એન્ટીફોસ્ફોલીપીડ સિન્ડ્રોમ સાથે થ્રોમ્બોસીસ (શરીર પોતાના જ પ્રોટીન પર ભૂલથી હુમલો કરીને લોહીના ગઠ્ઠા કરવા માંડે તેવી સ્થિતિ).

જો તમને પહેલાં અન્ય પ્રકારની લોહીની ગાંઠો થઇ હોય જેમકે ડીપ વેઇન થ્રોમ્બોસીસ (શરીરમાં વધુ અંદરથી હોય તેવી શિરામાં લોહીની ગાંઠો - ડીવીટી) અથવા પલ્મોનરી એમ્બોલિઝમ (પીઇ) (ફેફસામાં ફરતી લોહીની ગાંઠ) અથવા જો તમને લોહી ગંઠાવાનું જોખમ હોય તેમ છતાં પણ તમે એસ્ટ્રાઝેનેકા રસી લઇ શકો

છો. જે લોકોને પહેલાં બીજા પ્રકારની લોહીની ગાંઠો થવાની તકલીફ થઇ હોય તેઓને ટીટીએસ થવાનું જોખમ વધારે છે અથવા જો તે થાય તો તેનાથી વધુ બિમાર થઇ શકવાના કોઇ પુરાવા નથી.

નીચેની સ્થિતિઓ ધરાવતા લોકો એસ્ટ્રાઝેનેકા COVID-19 રસી *લઇ શકે છે*:

- ભૂતકાળમાં લાક્ષણિક ભાગોમાં લોહીના ગઠ્ઠા થયા હોય
- રોગપ્રતિકારક શક્તિને કારણે ન થતા હોય તેવા ગઠ્ઠા થવાની વધુ શક્યતાઓ
- પરિવારમાં લોહી ગઠ્ઠા થવાની તકલીફ હોય
- પહેલાં ઇશ્ચેમિક હાર્ટ ડીસીઝ (હ્રદયની દીવાલોમાં લોહી ગંઠાતા થતા કોવાટને લીધે થતો હ્રદયરોગનો હુમલો) અથવા સ્ટ્રોક (પક્ષાઘાત) થયો હોય
- વર્તમાનમાં અથવા ભૂતકાળમાં થ્રોમ્બોસાઇટોપેનિયા (ત્રાક કણો – પ્લેટલેટ્સનું નીચું સ્તર)
- લોહી પાતળું કરવાની સારવાર લઇ રહેલાઓ

જે દેશોમાં એસ્ટ્રાઝેનેકા રસીનો વ્યાપક ઉપયોગ થયો છે ત્યાં, લોહી ગંઠાવાનો એકંદર દર વધ્યો નથી. સામાન્ય રીતે લોકોને લોહીના ગઠ્ઠા થતાં હોય છે, અને એસ્ટ્રાઝેનેકા COVID-19 રસી લીધા પછી થતા તમામ લોહીના ગઠ્ઠા રસીને કારણે જ નહિં થાય. જો તમને રસીકરણ પછી લોહીનો ગઠ્ઠો થાય તો, તમારા દાક્તર તે થવાનું કારણ શોધવા માટે લોહીની તપાસ કરી શકે છે.

## જો મેં એસ્ટ્રાઝેનેકા રસીનો પ્રથમ ડોઝ લીધો હોય તો શું?

વિરોધાભાસ સિવાય, ગમે તે ઉંમરના જે લોકો કોઇ ગંભીર આડઅસરો વિના COVID-19 રસી એસ્ટ્રાઝેનેકાનો પ્રથમ ડોઝ લઇ શક્યા હતા, તેઓએ તે જ રસીનો બીજો ડોઝ લેવો જોઇએ. યુકેમાંથી આવેલ આંકડા દર્શાવે છે કે, આજની તારીખ સુધીમાં ૨૨૮ લાખ લોકોને એસ્ટ્રાઝેનેકા COVID-19 રસીનો બીજો ડોઝ અપાયા પછી ૪૪ કિસ્સામાં તે નોંધાયા મુજબ, ટીટીએસનું જોખમ બીજા ડોઝ પછી અતિશય ઓછું છે. તેનો અર્થ કે, અંદાજિત દર ૧૦ લાખ બીજા ડોઝ દીઠ ૧.૯ કિસ્સામાં તે થાય છે (યુકેમાં નોંધાયેલ દર ૧૦ લાખ પહેલા ડોઝ પછી ૧૪.૮ કેસોના જોખમની સરખામણીમાં).

## આ રસી કોણે ન લેવી જોઇએ

જો તમને નીચેનું લાગુ પડતું હોય તો તમારે આ રસી ન લેવી જોઇએ:

- જો રસીના આ પહેલાંના ડોઝથી એનાફલાક્સિસ (અતિશય ગંભીર આડઅસરનો એક પ્રકાર) થયું હોય
- પોલિસોર્બેટ ૮૦ સહિત રસીના કોઇપણ ઘટકના સંપર્કમાં આવ્યા પછી એનાફલાક્સિસ થયું હોય
- કેપીલરી લીક સિન્ડ્રોમ (લોહીની પાતળી કોશિકાઓમાંથી પ્રવાહી બહાર નીકળી જવાની તકલીફ) પહેલાં ક્યારેય થયું હોય
- રસીનો આ પહેલાનો ડોઝ લીધા પછી ટીટીએસ થયું હોય
- રસીના આ પહેલાંના ડોઝને કારણે કોઇ પણ બીજી ગંભીર આડઅસર થઇ હોય

## રસીકરણ પહેલાં ધ્યાનમાં લેવાની બાબતો

### સાવચેતીઓ

ચોક્કસ સ્થિતિ ધરાવતા લોકોને વધારાની સાવચેતીની જરૂર પડી શકે છે જેમ કે તેમની રસી લીધા પછી 30 મિનિટ સુધી નિરીક્ષણ માટે રહેવું અથવા પ્રતિકૂળ પ્રતિક્રિયાના નિષ્ણાત (એલર્જી સ્પેશ્યલીસ્ટ)ની સલાહ લેવી. જો તમને નીચેનું લાગુ પડતું હોય તો, તમારા રસીકરણ પ્રદાતાને કહો:

- રસીના ઘટકથી અથવા COVID-19 રસીના **અગાઉના ડોઝથી પ્રતિકૂળ પ્રતિક્રિયા**
- **બીજી રસીઓ અથવા દવાઓથી એના**ફલાક્સિસ **(અતીશય ગંભીર આડઅસર).** તમે લઇ રહેલ COVID-19 રસીમાં કોઇ સમાન ઘટકો નથી તેની ખાતરી કરવા માટે તમારા પ્રદાતા તપાસ કરી શકે છે.
- વારંવાર થતી એનાફલાક્સિસ સાથે પુષ્ટિ થયેલ માસ્ટોસાયટોસિસ (શરીરમાં માસ્ટ કોષો વધી જતાં થતી ગાંઠો) કે જેમાં સારવારની જરૂર છે

જો **તમને લોહીનો વિકાર હોય** અથવા તમે **લોહી પાતળું કરવાની દવા** (એન્ટીકોએગ્યુલન્ટ) લેતા હોવ તો, તમારા રોગપ્રતિરક્ષા પ્રદાતાને જણાવો. તમારા રસીકરણ પ્રદાતા તમારા માટે સ્નાયુઓમાં ઇંજેક્શન લેવું સલામત છે કે કેમ તે નક્કી કરવામાં મદદ કરી શકે છે અને ઇંજેક્શન માટે શ્રેષ્ઠ સમય નક્કી કરવામાં મદદ કરી શકે છે.

### નબળું રોગપ્રતિકારક તંત્ર ધરાવતા લોકો (ઇમ્યુનોકોમ્પ્રોમાઇઝ)

ઇમ્યુનોકોમ્પ્રોમાઇઝ લોકોમાં એવા લોકોનો સમાવેશ થાય છે કે જેઓને કોઇ તબીબી તકલીફ હોય અથવા એવી દવા લેતા હોય કે જે તેમની રોગપ્રતિકારક શક્તિને નબળી પાડે છે. એચઆઇવી સાથે જીવતા લોકો સહિત ઇમ્યુનોકોમ્પોમાઇઝ હોય તેવા લોકોમાં COVID-19થી ગંભીર બીમારીનું જોખમ વધારે છે, જેમાં અતિશય ગંભીર બિમારી અને મૃત્યુનું જોખમ વધારે છે.

ઓસ્ટ્રેલિયાની સરકાર ભારપૂર્વક ભલામણ કરે છે કે, ઇમ્યુનોકોમ્પ્રોમાઇઝ લોકો COVID-19ની રસી લે. COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા 'જીવંત રસી' જેવું વર્તન કરતી નથી. વાહક એડિનોવાયરસ (સામાન્ય શરદીનો વાયરસ)માં ફેરફાર કરવામાં આવ્યો છે જેથી તે અન્ય કોષોમાં ફેલાય શક્તો નથી કે તેની નકલો બનાવી શક્તો નથી અને તે ચેપ લગાડી શકતો નથી. તે ઇમ્યુનોકોમ્પ્રોમાઝ હોય તેવા લોકોમાં સલામત છે.

COVID-19 રસી એસ્ટ્રાઝેનેકાના નૈદાનિક પરિક્ષણોમાં ઇમ્યુનોકોમ્પ્રોમાઇઝ્ડ લોકો શામેલ ન હતા, પરંતુ વિશ્વભરમાં હવે આવી પરિસ્થિતિઓવાળા ઘણા લોકોને રસી આપવામાં આવી છે. સ્થિર એચઆઇવી સંક્રમણવાળા લોકોને COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા આપવાના નૈદાનિક પરિક્ષણના પરિણામો ટૂંક સમયમાં મળવાની અપેક્ષા છે. અમને ખબર નથી કે COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા બાકીની વસ્તીની તુલનામાં ઇમ્યુનોકોમ્પ્રોમાઇઝવાળા લોકોમાં એટલી જ અસરકારક છે કે નહિં. શક્ય છે કે, તે ઓછી અસરકારક હોય અને તેથી રસીકરણ પછી પણ શારીરિક અતંર જેવા અન્ય પ્રતિબંધક પગલાં ચાલુ રાખવા મહત્વપૂર્ણ છે.

ઇમ્યુનોકોમ્પ્રોમાઇઝ્ડ લોકોમાં રસીના ઉપયોગ વિષે વધુ માહિતી માટે ઇમ્યુનોકોમ્પ્રોમાઇઝ્ડ હોય તેવા લોકો માટે COVID-19 રસીકરણ નિર્ણય માર્ગદર્શિકા જુઓ.

## જે મહિલાઓ ગર્ભવતી છે અથવા સ્તનપાન કરાવે છે

કોમેર્નેટી (ફાઇઝર) રસી, સ્તનપાન કરાવતી અથવા ગર્ભવતી સ્ત્રીઓ અને ૬૦ વર્ષથી નાની ઉંમરના પુખ્ત વયનાઓ માટેની પસંદગીની રસી છે. રસીકરણ પછી તમારે સ્તનપાન કરાવવાનું બંધ કરવાની જરૂર નથી. COVID-19 રસી એસ્ટ્રાઝેનેકાનો પ્રથમ ડોઝ લીધો હોય તેવી ગર્ભવતી સ્ત્રીઓ તેમના બીજા ડોઝ માટે કોમેર્નેટી અથવા COVID-19 રસી એસ્ટ્રેઝેનેકા લઇ શકે છે, જો કે તેમના માટે કોમેર્નેટી પસંદ કરવામાં આવે છે.

ગર્ભાવસ્થા અને સ્તનપાનમાં રસીના ઉપયોગ વિષે વધુ માહિતી માટે સગર્ભા, સ્તનપાન કરાવતી અથવા ગર્ભ ધારણ કરવાનું વિચારતી સ્ત્રીઓ માટેની COVID-19 રસીકરણ માર્ગદર્શિકા જુઓ.

## જેમને પહેલાં COVID-19 થઇ ચુક્યો છે તેવા લોકો

જો તમને પહેલાં ક્યારેય COVID-19 થયો હોય તો તમારા રોગપ્રતિરક્ષા પ્રદાતાને કહો. તમારા પ્રદાતા સાજા થયા પછી COVID-19 રસી મુકાવતા પહેલાં છ મહિના સુધી રાહ જોવાની સલાહ આપી શકે છે. જો તમને COVID-19થી ચાલુ બીમારી હોય તો, તમારા સારવાર કરનાર દાક્તર સાથે રસીકરણના શ્રેષ્ઠ સમયની ચર્ચા કરો.

પહેલાં COVID-19 થઇ ચુક્યો હોય તેવા લોકોમાં COVID-19ની કોઇ પણ બ્રાન્ડની રસીનો ઉપયોગ કરી શકાય છે.

## COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા અને બાળકો

COVID-19 રસી એસ્ટ્રાઝેનેકાને ફક્ત ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોમાં ઉપયોગ માટે હંગામી મંજૂરી આપવામાં આવી છે, અને તે નાની ઉંમરના લોકોને આપી શકાતી નથી. બાળકોમાં COVID-19, ખાસ કરીને તેનાથી થતી ગંભીર બીમારીનું જોખમ, તેમનાથી મોટી ઉંમરનાં કિશોરો અને પુખ્ત વયનાં લોકો કરતાં ઓછું છે.

## રસી સલામતી અને પ્રતિકૂળ ઘટનાઓની જાણ

ઓસ્ટ્રેલિયામાં થેરાપ્યુટિક ગુડ્ઝ એડમિનિસ્ટ્રેશન (ટીજીએ) તમામ રસીઓનું મૂલ્યાંકન કરે છે. આનાથી ખાતરી થાય છે કે, રસીને મંજૂરી માટે તે સલામત છે, અસરકારક છે અને ખૂબ ઉચ્ચ ગુણવત્તાવાળા ધોરણે ઉત્પાદિત થાય છે. ટીજીએની વેબસાઇટ ઉપર COVID-19 રસીઓની મંજૂરી માટેની પ્રક્રિયાનું વર્ણન ઉપલબ્ધ છે.

COVID-19 રસીકરણ કાર્યક્રમ દરમ્યાન COVID-19 રસીઓની સલામતીનું સતત નિરીક્ષણ કરવામાં આવશે. શંકાસ્પદ આડઅસરોની જાણ તમારા રસીકરણ પ્રદાતા અથવા અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાને કરી શકાય છે. પછી તેઓ તમારા રાજ્ય અથવા પ્રદેશના આરોગ્ય વિભાગને અથવા સીધા જ થેરાપ્યુટિક ગુડ્ઝ એડમિનિસ્ટ્રેશન (ટીજીએ)ને તમારા વતી ઔપચારિક અહેવાલ આપશે.

જો તમે તમારી જાતે તેની જાણ કરવાનું પસંદ કરો તો, COVID-19ની રસીને લગતી શંકાસ્પદ આડઅસરની જાણ કેવી રીતે કરવી તેની માહિતી માટે, કૃપા કરીને ટીજીએની વેબસાઇટની મુલાકાત લેશો.